પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૧ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૧, સોમવાર; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં ૬ મનપામાં નિરસ મતદાન

**૬ મહાનગરપાલિકાનું સરેરાશ ૪૧.૯૩ ટકા મતદાન : ઉમેદવારોનું ભાવિ આગામી ૨૩મીએ મતગણતરી બાદ નક્કી થશે : અમદાવાદમાં ૩૮.૭૩, સુરતમાં ૪૩.૧૮, વડોદરામાં ૪૨.૮૨, રાજકોટમાં ૪૬.૨૪, ભાવનગરમાં ૪૩.૬૬ અને જામનગરમાં ૪૯.૬૪ ટકા મતદાન**

અમદાવાદ, તા. ૨૧

રાજ્યમાં સવારે મહાનગરપાલિકાઓમાં મતદાન યોજાયું હતું. સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગે મતદાન પૂર્ણ થયું હતું. જેમાં સરેરાશ ૪૧.૯૩ ટકા મતદાન નોંધાયું હતું. રાજ્યની ૬ મહાનગર પાલિકાની ચૂંટણી માટે યોજાયેલા મતદાન બાદ ઉમેદવારોનું ભાવિ આગામી ૨૩ ફેબ્રુઆરીએ મતગણતરી બાદ નક્કી થશે. મહાનગરપાલિકાઓમાં અમદાવાદની ૧૯૨, સુરતની ૧૧૬, વડોદરાની ૭૬, રાજકોટની ૭૨, ભાવનગરની ૫૨ અને જામનગરની ૬૪ બેઠકો પર મતદાન યોજવામાં આવ્યું હતું.

ચૂંટણી આયોગની વેબસાઈટ અનુસાર આજે સાંજે ૬ વાગ્યા સુધી અમદાવાદમાં ૩૮.૭૩ ટકા, સુરતમાં ૪૩.૧૮ ટકા, વડોદરામાં ૪૨.૮૨ ટકા, ભાવનગરમાં ૪૩.૬૬ ટકા, રાજકોટમાં ૪૬.૨૪ ટકા, અને જામનગરમાં ૪૯.૬૪ ટકા





મતદાન નોંધાયું હતું. સૌથી વધુ મતદાન જામનગરમાં થયું હતું, જ્યારે સૌથી ઓછી મતદાન અમદાવાદ થયું હતું.

કોરોના મહામારીના પગલે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજ્યના ચૂંટણી કમિશ્નર સંજય પ્રસાદે કોરોના દર્દી મતદાન કરી શકે તે માટે અંતિમ કલાકમાં ખાસ વ્યવસ્થા કરી હતી.

તો બીજી તરફ ૪૮ ક્યુઆરટીની ટીમ, ૧૬ સ્ટ્રોંગરૂમ, ૧૬ રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર બનાવાયા હતા. ઉપરાંત ૫૨૨૬ બુથ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અતિસંવેદનશીલ વિસ્તારમાં કુલ ૧૭૭ બુથ અને સંવેદનશીલ બુથો પર ૧૭૯૯ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

૬ મહાનગરપાલિકાની પાછલી ચૂંટણી જે વર્ષ ૨૦૧૫માં

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો

**ભારતમાં કોરોનાના બીજા રાઉન્ડની શરૂઆત? : મહારાષ્ટ્રમાં કોરોનાના નવા સ્ટ્રેઈનના કેસ પણ જોવા મળ્યા : પંજાબ, મહારાષ્ટ્ર, કેરળ, એમપીમાં કેસની સંખ્યા વધી : કેન્દ્ર અને રાજ્ય સરકારની ચિંતા વધી**



નવી દિલ્હી, તા. ૨૧

ભારતમાં કોરોના વાયરસના કેસમાં ફરીથી ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પંજાબ, મહારાષ્ટ્ર, કેરળ અને મધ્ય પ્રદેશમાં કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે. જે નવા કેસ વધ્યા છે તેમાં મહારાષ્ટ્રમાં ઘણા કેસોમાં કોરોનાના નવું સ્વરૂપ જોવા મળ્યું છે જે વધારે ઝડપથી ફેલાઈ શકે છે તેવું માનવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રના વિદર્ભ પ્રાંત અને મુંબઈમાં કોરોનાના નવા સ્વરૂપના કેસ જોવા મળ્યા છે જેના કારણે સ્થાનિક સત્તાધીશોને ફરીથી લોકડાઉન કરવાની ફરજ પડી છે. જ્યારે મુંબઈમાં લોકો માટે નવી ગાઈડલાઈન્સ જાહેર કરવી પડી છે.

છેલ્લા કેટલાક મહિનાથી દેશમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. શુક્રવારે દેશમાં ૧૩,૯૯૩ નવા કેસ નોંધાયા હતા. ૨૫ જાન્યુઆરી બાદ એક દિવસમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ હતા. આ દરમિયાન ફક્ત ૨૯ જાન્યુઆરીએ ૧૮,૮૮૫ કેસ નોંધાયા હતા. સતત પાંચ દિવસથી કોવિડ-૧૯ના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૬ ફેબ્રુઆરીએ ૯,૧૨૧ કેસ નોંધાયા હતા જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

# પુણે શહેરમાં શાળા-કોલેજો બંધ રાખવા નિર્ણય : રાત્રી કર્ફ્યુ લાગુ

**લોકડાઉન જેવા આકરા નિયમ લાગુ કરવામાં આવ્યા છે**

પુણે, તા. ૨૧

મહારાષ્ટ્રમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી રાજ્ય સરકાર દ્વારા કડક પગલા ઉઠાવતા કેટલાક વિસ્તારોમાં નાઈટ કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. મહત્વનું છે કે શુક્રવારે જ મહારાષ્ટ્રના યવતમાલ, અમરાવતી, અકોલાના જિલ્લાના મોટાભાગના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે, જ્યાં લોકડાઉન જેવા નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. જે બાદ રાજ્યમાં મુંબઈ પછીને મોટા શહેર પુણેમાં હવે આકરા નિયમો અને નાઈટ કર્ફ્યુની જાહેરાત કરવામાં આવી છે. પુણેમાં રાતના ૧૧થી સવારે ૬ દરમિયાન કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યો છે.

રાજ્યના ઉપમુખ્યમંત્રી અને જિલ્લાના પાલકમંત્રી અજિત પવારની ઉપસ્થિતિમાં કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પુણેમાં વધી રહેલા કોરોના કેસને ધ્યાને રાખીને સોમવારથી શહેરમાં રાત્રીના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. તેમજ સ્કૂલો અને કોલેજોને આગામી ૨૮ ફેબ્રુઆરી સુધી બંધ રાખવામાં આવ્યા છે.

# ઉત્તરાખંડ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સાઈટ પર વધુ ૫ મૃતદેહ મળ્યા

**પૂરની ઝપેટમાં આવી જતા હજી ઘણા લોકો ગુમ : ચમોલીમાં ગ્લેશિયર ફાટ્યાના બે અઠવાડિયા પછી પણ રેસ્ક્યુ ઓપરેશન ચાલુ, કુલ મૃત્યુઆંક ૬૭ પર પહોંચ્યો**

જોશીમઠ, તા. ૨૧

ઉત્તરાખંડમાં એનટીપીસીની તપોવન-વિષ્ણુગઢ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સાઈટ પરથી વધુ ૫ મૃતદેહ મળી આવ્યા છે. ૭ ફેબ્રુઆરીએ ગ્લેશિયર ફાટવાના કારણે થયેલી દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા ૬૭ પર પહોંચી ગઈ છે. એનડીઆરએફના કમાન્ડન્ટ પી.કે. તિવારીએ જણાવ્યું હતું કે શનિવારે તપોવન પ્રોજેક્ટ બેરેજ નજીક કાદવમાંથી મૃતદેહ મળી આવ્યા છે.

૭ ફેબ્રુઆરીના રોજ ચમોલી જિલ્લામાં ઋષિગંગા નદી પર ગ્લેશિયર ફાટવાને કારણે ભારે પૂર આવ્યું હતું, જેના કારણે ઘણા લોકો ગુમ થયા હતા. પ્રોજેક્ટ સાઈટ પર સર્ચ ઓપરેશન ૧૩ દિવસથી વધુ સમયથી યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. હિમસ્ખલનમાં ૧૩.૨ મેગાવોટનો ઋષિગંગા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે નષ્ટ થયો હતો, જ્યારે તપોવન-વિષ્ણુગઢ હાઈડ્રો પાવર પ્રોજેક્ટને પણ ભારે નુકસાન થયું હતું.

વધુ પાંચ લોકોના મૃતદેહ મળી આવતા દુર્ઘટનામાં મોતને ભેટનાર લોકોની સંખ્યા ૬૭ થઈ ગઈ છે, જ્યારે ૧૩૯ લોકો હજી ગુમ છે. આ દરમિયાન ચમોલીના જિલ્લા મેજિસ્ટ્રેટ સ્વાતિ એસ. ભદૌરીયાએ શનિવારે એનટીપીસીને પ્રોજેક્ટ સાઈટ પર ચાલી રહેલા ઓપરેશનમાં વધારાના ઉપકરણો સ્થાપિત કરવા અને ધૌલીગંગા નદીનો માર્ગ બીજી તરફ વાળવા જણાવ્યું હતું, જેથી તેનું પાણી બેરેજથી તપોવન ટનલમાં ન વહી જાય, જે કાદવ સાફ કરવાના પ્રયત્નોમાં અવરોધ લાવી શકે છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવ મુદ્દે સોનિયા ગાંધીએ નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો

**મોદીને રાજધર્મની યાદ અપાવી**

નવી દિલ્હી, તા. ૨૧

પેટ્રોલ-ડીઝલ અને રસોઈ ગેસના વધતા ભાવ પર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સરકારે એક્સાઈઝ ડ્યૂટી ઓછી કરીને સામાન્ય જનતાને રાહત આપવી જોઈએ. આ સિવાય પાછલી સરકારો પર આરોપ નહીં લગાવવાની ચેતવણી પણ આપી છે. સોનિયા ગાંધીએ આગળ સવાલ કર્યો કે સરકાર રેટ વધારવાના પોતાના પગલાને યોગ્ય કેમ ગણાવી શકે છે? સોનિયા ગાંધીએ પત્રમાં સરકાર પાસે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી ઓછી કરી રાજધર્મનું પાલન કરવાની અપીલ કરી છે. પત્રમાં કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ લખ્યું છે, 'સરકારની પસંદગી લોકોનો ભાર ઓછો કરવા માટે કરવામાં આવે છે, ન કે તેમના હિતો પર ઘાત કરવા માટે. હું તમને આગ્રહ કરુ છું કે તમે ઈંધણની કિંમતોમાં તત્કાલ કમી કરી કાચા તેલની કિંમતોનો લાભ, મધ્યમ વર્ગ, પગારદાર વર્ગ, કિસાનો, ગરીબો અને સામાન્ય જનતાને આપો. આ લોકો લાંબા સમયથી અભૂતપૂર્વ આર્થિક મંદી, અને નોકરીઓ ગુમાવવાને કારણે ભયાનક સંઘર્ષના સમયમાંથી પસાર થઈ રહ્યાં છે.'

# કોલ કેસમાં સાંસદ અભિષેક બેનર્જીના ઘરે CBI પહોંચી

**પશ્ચિમ બંગાળમાં સીએમ મમતા બેનરજીના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનરજી તપાસની ઝપેટમાં આવી ગયા**

કોલકાતા, તા. ૨૧

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં સીએમ મમતા બેનરજીના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનરજી તપાસની ઝપેટમાં આવી ગયા છે. ઝ્રમ્ૈં ઝટ્ઠજી માં તપાસ કરવા માટે કેન્દ્રીય તપાસ બ્યૂરો ની ટીમે તેમના ઘરે સમન આપ્યું. આ સમનને અભિષેક બેનરજીના પત્ની રૂજીરા નરુલાએ રિસિવ કર્યું. સીબીઆઈએ તેમને તપાસમાં સામેલ થવાના નિર્દેશ આપ્યા છે.

અત્રે જણાવવાનું કે સીબીઆઈએ આ અગાઉ કોલસાના ગેરકાયદેસર ખનન અને તસ્કરી મામલે ૧૯ ફેબ્રુઆરીના રોજ બંગાળમાં ૧૩ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમાં કોલસાના ગેરકાયદેસર ખનનમાં સામેલ જયદેવ મંડલ અને લાંબા સમયથી ફરાર ચાલી રહેલા કોલસા માફિયા અનૂપ માજી ઉર્ફે લાલાના ઠેકાણા પણ સામેલ હતા. આ દરમિયાન કોલકાતા, પુરુલિયા, પશ્ચિમ બર્ધમાન અને બાંકુડામાં સર્ચ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

કોલસા કૌભાંડ કેસમાં સીબીઆઈ અભિષેક બેનરજીના અનેક નીકટના લોકો વિરુદ્ધ દરોડા પાડી રહી છે. આરોપ છે કે આ કૌભાંડમાં સામેલ લોકોએ ગેરકાયદેસર રીતે હજારો કરોડ રૂપિયાના કોલસાનું ખનન કરીને તેને બ્લેક માર્કેટમાં વેચ્યું. તેનાથી સરકારની તિજારીને ખુબ નુકસાન થયું. આ મામલે સીબીઆઈએ ડિસેમ્બરના શરૂઆતના અઠવાડિયામાં કોલકાતાના સીએ ગણેશ બગારિયાની ઓફિસ ઉપર પણ રેડ મારી હતી. ભાજપ આ મામલે સતત ઌસ્ઝ્ર ને ઘેરતો રહ્યો છે. ભાજપનો આરોપ છે કે આ કૌભાંડનો સૌથી વધુ ફાયદો અભિષેક બેનરજીને થયો.



આ અગાઉ તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ અભિષેક બેનરજીએ એક રેલીમાં ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે ભાજપના નારા ડબલ એન્જિનવાળી સરકારની ટીકા કરતા કહ્યું કે ભગવો પક્ષ સાર્વજનિક ધન હડપવા માટે આ વ્યવસ્થા ઈચ્છે છે.

# પુડુચેરીમાં નારાયણસામી આજે બહુમત સાબિત કરશે

પુડુચેરી,તા.૨૧

પુડુચેરીમાં વી. નારાયણસામી સરકાર સદનમાં બહુમત સાબિત કરે તે પહેલા વધુ એક ઝટકો લાગ્યો છે. ત્યારે કોંગ્રેસ માટે અહીં કપરા ચડાણ જોવા મળી રહ્યા છે. કોંગ્રેસની સરકાર પોતાનો બહુમત ખોઈ ચુકી છે. રાજ્યપાલના આદેશ અનુસાર સોમવારે અહીં સરકારને બહુમત સાબિત કરવાનો થાય છે. કોંગ્રેસ નેતા લક્ષ્મીનારાયણને કહ્યુ હતું કે, કોંગ્રેસમાં તેમની કદર થતી નથી. એટલા માટે તેઓ કોંગ્રેસ છોડી રહ્યા છે.

# ભારત-ચીન વચ્ચે ૧૨ કલાક મંત્રણા પૂર્વ લદ્દાખમાં સૈન્ય વાપસી માટે વાતચીત

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારત અને ચીન વચ્ચે ફરી એક વખત સૈન્ય વાતચીત થઈ. આ વાતચીત શનિવાર સવારથી શરૂ થઈને રવિવારે સવારે ૨ વાગ્યા સુધી અંદાજે ૧૬ કલાક સુધી ચાલી. વાતચીત દરમ્યાન ભારતે પૂર્વ લદ્દાખમાં હોટ સ્પ્રિંગ્સ, ગોગરા અને દેપસાંગ વિસ્તારમાંથી પણ સૈનિકોની વાપસી પર જોર આપ્યું. બંને દેશ પેંગોગ ઝીલના ઉત્તર અને દક્ષિણ છેડેથી ભારત અને ચીનના સૈનિકો, અસ્ત્ર-શસ્ત્રો અને અન્ય સૈન્ય સાધનોને હટાવાની પ્રક્રિયા પૂરી થઈ ચૂકી છે. તેના બે દિવસ બાદ કોર કમાન્ડર સ્તરની ૧૦મા દોરની આ વાર્તા થઈ.

સત્તાવાર સૂત્રોએ કહ્યું ક બેઠક સવારે ૧૦ વાગ્યે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીનની તરફ મોલ્દો સરહદ વિસ્તારમાં શરૂઆત થઈ જે રવિવાર સવારે ૨ વાગ્યા સુધી ચાલી. તેમણે કહ્યું કે ભારત આ દરમ્યાન વિસ્તારમાં તણાવ ઓછો કરવા માટે હોટ સ્પ્રિંગ્સ, ગોગરા અને દેપસાંગ જેવા વિસ્તારોમાંથી પણ તેજ ગતિથી સૈન્ય વાપસી પર જોર આપ્યું. બંને દેશોની વચ્ચે સૈન્ય ગતિરોધને નવ મહિના થઈ ગયા છે. સમજૂતી બાદ બંને પક્ષોએ પેંગોંગ ઝીલના ઉત્તર અને દક્ષિણ છેડાના વિસ્તારમાંથી પોત-પોતાના સૈનિકો પાછા બોલાવી લીધા છે.

સાથો સાથ અસત્ર-શસ્ત્રો, અન્ય સૈન્ય સાધનો, બંકરો અને અન્ય નિર્માણને પણ હટાવી દીધું છે. સૂત્રોએ કહ્યું કે ૧૦મા દોરની વાર્તામાં ચર્ચાનું મુખ્ય બિંદુ અન્ય વિસ્તારોમાંથી પણ વાપસીની પ્રક્રિયાને આગળ વધારવાનું છે. બંને પક્ષ તેના માટે ચર્ચા કરવા માટે વાર્તા કરી રહ્યું છે.

નોંધનીય છે કે પૈંગોંગ સરોવરના ઉત્તરી અને દક્ષિણી કાંઠે સૈન્ય વાપસીની પ્રક્રિયા ૧૦ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી, જે ૧૮ ફેબ્રુઆરીએ પૂરી કરી લેવામાં આવી છે. ૧૦મા તબક્કાની વાતચીતનું ભારત તરફથી લેફ્ટિનેન્ટ જનરલ પીજીકે મેનને નેતૃત્વ કર્યું હતું.

Vશાલ
SUPER MARKETની આજ
મકાઈ પૌવા
(મારૂતિ-૫૦૦ ગ્રામ)
રૂ. ૨૨/-
સેક્ટર-૬/કુડાસણ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

નેત્રદાન-મહાદાન
ચક્ષુદાન-શ્રેષ્ઠદાન




# ઈંગ્લેન્ડ સામેની ટ્વેન્ટી-૨૦ માટે ભારતીય ટીમ જાહેર

**સૂર્યકુમાર યાદવ અને ઈશાન કિશનને તક : કિસાન કિશને વિજય હઝારે ટ્રોફીમાં મધ્યપ્રદેશ સામે ૯૪ બોલમાં ૧૭૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી**

નવી દિલ્હી, તા. ૨૧

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈંગ્લેન્ડ સામે ટી૨૦ સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. નેશનલ ટીમમાં ધૂરંધર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ અને ઝારખંડના યુવા કેપ્ટન ઈશાન કિશનને પહેલીવાર સમાવેશ થયો છે. રસપ્રદ વાત એ છે કે કિશને આજે જ વિજય હઝારે ટ્રોફીમાં મધ્યપ્રદેશ વિરુદ્ધ ૯૪ બોલમાં ૧૭૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ૪ મેચની ટેસ્ટ સીરિઝ પછી ઈંગ્લેન્ડને ભારતમાં વનડે અને ટી-૨૦ સીરિઝ પણ રમવાની છે.

ત્રીજી અને ચોથી ટેસ્ટ દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમમાં (૨૪ થી ૨૮ અને ચારથી આઠ માર્ચ) સુધી રમાશે. ટી૨૦ સીરિઝની શરુઆત ૧૨ માર્ચથી થશે. ૧૪, ૧૬, ૧૮ અને ૨૦ માર્ચે બાકીની ટી૨૦ મેચ રમાશે. આ દરેક મેચ મોટેરામાં જ થશે. જેથી એક વાત તો નક્કી છે કે આ નવું અને ભવ્ય સ્ટેડિયમ બન્ને ટીમ માટે બાયો બબલનું કામ કરશે. નોંધનીય છે કે હાલ બન્ને ટીમોએ ટેસ્ટ સીરિઝમાં એક-એક મેચ જીતી છે.

ભારતીય ટીમ : વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (ઉપકેપ્ટન), કેએલ રાહુલ, શિખર ધવન, શ્રેયસ અય્યર, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, ઋષભ પંત (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), યુજવેન્દ્ર ચહલ, વરુણ ચક્રવર્તી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રાહુલ તેવતિયા, ટી.નટરાજન, ભુવનેશ્વર કુમાર, દીપક ચહર, નવદીપ સૈની, શાર્દુલ ઠાકુર